પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯૯ | ૮ જાન્યુઆરી, ૨૦૧૮, સોમવાર ; પોષ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કોંગ્રેસ-આરજેડી વચ્ચે ગઠબંધન યથાવત રહેશે

બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુ પ્રસાદ યાદવને ઘાસચારા કોંભાડના એક મામલામાં સાઢા ત્રણ વર્ષની સજા કરવામાં આવ્યા બાદ કોંગ્રેસે પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસ પાર્ટીએ કહ્યુ છે કે આરજેડી સાથે ગઠબંધન જારી રહેશે.

### લાલુ યાદવના બેન ગંગોત્રી દેવીનું આકસ્મિક નિધન

આરજેડી અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવના મોટા બહેન ગંગોત્રી દેવીનું આજે પટણામાં આકસ્મિક નિધન થઈ ગયુ છે. તેમની ઉંમર ૭૫ વર્ષની હતી. પોતાના ૬ ભાઈઓમાં ગંગોત્રી દેવી એકના એક બહેન હતા. ગત કેટલાય સમયથી ગંગોત્રી દેવી બીમાર હતા. લાલુ યાદવને થયેલી સજાને લઈને પણ તે ઘણા દુઃખી અને આઘાતમાં હતા.

### ટ્રમ્પના કિમ જોંગ સાથે વાતચીત કરવા તૈયાર

ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ-ઉન ને કેટલીય વખત ચેતવણી આપી ચૂકેલ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તેવર હવે નરમ પડતા દેખાઈ રહ્યાં છે. ટ્રમ્પે શનિવારના રોજ કહ્યું કે તેઓ સીધી રીતે કિમ જોંગ-ઉન સાથે વાતચીત કરવા માટે તૈયાર છે.

# માર્ગ અકસ્માતમાં ચાર નેશનલ પ્લેયર્સના મોત

**દિલ્હી-પાનીપત હાઈવે પર સર્જાયેલ અકસ્માતમાં વેઈટ લિફ્ટિંગના નેશનલ પ્લેયર્સના ઘટના સ્થળે મોત : વર્લ્ડ ચેમ્પિયન સક્ષમની હાલત ગંભીર : ફોગને કારણે અકસ્માત સર્જાયો**



ન્યુ દિલ્હી,તા.૭

દિલ્હી પાનીપત હાઈવે પર સિંધુ બોર્ડર પાસે વહેલી સવારે થયેલા એક કાર અકસ્માતમાં ચાર નેશનલ પ્લેયર્સના મોત થયા છે. જ્યારે કે બે પ્લેયર્સ ગંભીર રીતે ઘાયલ થયા છે. આ તમામ પ્લેયર્સ વેઈટ લિફ્ટિંગના નેશનલ પ્લેયર્સ હતા. આ અકસ્માત ઉત્તર ભારતમાં છવાયેલા ફોગને કારણે થયો હતો. ઘાયલ બંને પ્લેયર્સને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દિલ્હી-પાનીપત નેશનલ હાઈવે પર સિંધુ બોર્ડર પાસે કાર અકસ્માત સર્જાયો હતો. આ ઘટના અંદાજે વહેલી સવારે ૪ વાગ્યે બની હતી. ભારે સ્મોગને કારણે સ્વિફ્ટ ડિઝાયર કારનું બેલેન્સ બગડી જવાને કારણે આ અકસ્માત થયો હતો. કારનું ડિવાઈડર અને થાંભલા સાથે ટક્કર ખાઈને જોરદાર એક્સિડન્ટ થયો હતો. આ તમામ પ્લેયર્સ એક જ કારમા સવાર હતા. કાર થાંભલા સાથે એટલી જોરથી ટકરાઈ હતી કે, ટક્કરને કારણે કારની છત ઉછળી હતી. ઘટના બાદ નેશનલ હાઈવ પર અનેક જગ્યાએ શરીરના માંસના ટુકડા વિખેરાખા હતા.

ઘટના બાદ તમામ પ્લયેર્સને સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં ચાર લોકોને ડોક્ટર્સે મૃત જાહેર કર્યા છે. અકસ્માતમાં વેઈટ લિફ્ટિંગના ચાર પ્લેયર્સને કરુણ મોત મળ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## પદ્માવતિ ફિલ્મ હવે 'પદ્માવત' નામથી ૨૫મીથી રજૂ થશે

**ફિલ્મમાં પાંચ મોટા ફેરફાર કરવામાં આવ્યા ફિલ્મના લોકપ્રિય ગીત ઘુમરમાં પણ ઘણા ફેરફાર**




મુંબઈ,તા. ૭

સંજય લીલા ભણશાલીની ભારે ચર્ચા જગાવનાર ફિલ્મ પદ્માવતની રજૂઆત માટેની તારીખ આખરે નક્કી થઈ ગઈ છે. પહેલા ફિલ્મનું નામ પદ્માવતી રાખવામાં આવ્યું હતું હવે ફિલ્મનું નામ બદલીને પદ્માવત કરી દેવામાં આવ્યું છે.

લાંબા સમય સુધી વિવાદમાં રહ્યા બાદ આ ફિલ્મ હવે ૨૫મી જાન્યુઆરીના દિવસે રજૂ કરવામાં આવશે. આ પહેલા ફિલ્મને પહેલી ડિસેમ્બરના દિવસે રજૂ કરવાની યોજના હતી પરંતુ વિવાદ અને તોફાનોના કારણે તેની રજૂઆતને ટાળી દેવામાં આવી હતી. ત્યારબાદ સેન્સર બોર્ડે ફિલ્મ દર્શાવવા માટે એક પેનલની રચના કરી હતી જેમાં ઈતિહાસકારોને સામેલ કરવામાં આવ્યા હતા. આ સ્ક્રીનિંગ બાદ ફિલ્મને પાંચ સુધારા પછી યુએ પ્રમાણપત્રની સાથે રજૂ કરવાનો નિર્ણય કરાયો છે. આ ફિલ્મમાં અતિ મહત્વપૂર્ણ પાંચ સુધારા કરવામાં આવ્યા છે. આ પહેલા ફિલ્મને ૧૨મી જાન્યુઆરીના દિવસે રજૂ કરવાની યોજના હતી પરંતુ હવે આને ૨૫મી જાન્યુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર છે. યુએ પ્રમાણપત્ર માટે ફિલ્મમાં પાંચ ફેરફાર કરવામાં આવ્યા છે. ફિલ્મમાં એક બોર્ડ લગાવવામાં આવશે જેમાં દર્શાવવામાં આવશે કે ફિલ્મ ઐતિહાસિક તથ્યોની

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ

**જનજીવન ઠપ્પ : ચારના મોત ધુમ્મસ, કાતિલ ઠંડી, હિમવર્ષા : દિલ્હીમાં ધુમ્મસની ચાદરની વચ્ચે ૨૮ ટ્રેનો રદ, ૭૩ ટ્રેનોને અસર, હવાઈ પ્રદૂષણથી હાલત કફોડી : કારગિલમાં માઇનસ ૧૮.૮**



નવી દિલ્હી,તા. ૭

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ યથાવત રહ્યુ છે. ધુમ્મસની ચાદર ચારેબાજુ છવાયેલી છે. જેના કારણે વાહનવ્યવહાર પર માઠી અસર થઈ છે. ધુમ્મસ અને કાતિલ ઠંડીના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. દિલ્હી અને એનસીઆરમાં લોકોની હાલત કફોડી બનેલી છે. ૨૮ ટ્રેનો રદ કરવામાં આવી ચુકી છે અને ૭૩ ટ્રેનોને પ્રતિકુળ અસર થઈ છે. ૩૬ ટ્રેનો લેટ દોડી રહી છે. દિલ્હીમાં પ્રદુષણના પ્રમાણમાં વધારો થયો છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં સૌથી વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. શ્રીનગર અને જમ્મુમાં લઘુત્તમ

● અનુસંધાન પાન-૭ પર

## તેંડુલકરની પુત્રી સારાને ધમકી આપનાર ઝડપાયો

**શખ્સ માનસિકરીતે બિમાર હોવાનો ખુલાસો અપહરણની ધમકીઓ પણ સારાને આપી હતી**

નવીદિલ્હી,તા. ૭

વિતેલા વર્ષોના દિગ્ગજ ક્રિકેટ ખેલાડી સચિન તેંડુલકરની પુત્રી સારાનું અપહરણ કરવાની ધમકી આપવાના મામલામાં એક શખ્સની પોલીસે ધરપકડ કરી છે. મળેલી માહિતી મુજબ આરોપી શખ્સ સચિનની પુત્રી સાથે લગ્ન કરવા માટે ઈચ્છુક હતો. તે ફોન ઉપર સારાને લગ્ન માટે પ્રપોઝ કરી રહ્યો હતો. મુંબઈ પોલીસે પશ્ચિમ બંગાળના શખ્સની ધરપકડ કરી લીધી છે. ઝડપાયેલો યુવાન પશ્ચિમ બંગાળના પૂર્વ મિદનાપુર જિલ્લાનો નિવાસી છે. મુંબઈ પોલીસે શનિવારે રાત્રે તેની ધરપકડ કરી હતી.

આ શખ્સને હલ્દિયા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને ટ્રાન્ઝિક્ટ રિમાન્ડની માંગ કરવામાં આવી છે. પોલીસ હજુ સુધી આ માહિતી મેળવવાના પ્રયાસ કરી રહી છે કે, યુવાનને સચિનના આવાસ અને સારા તેંડુલકરના મોબાઈલ નંબર કઈરીતે મળ્યા. આ શખ્સ વારંવાર ફોન કરીને સારાને લગ્ન માટે પ્રપોઝ કરી રહ્યો હતો. અપહરણની ધમકી આપી રહ્યો હતો. આરોપી શખ્સની પુછપરછ કરવામાં આવી રહી છે. છેલ્લે બીજી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે ફોન કર્યો હતો.

## કેપટાઉન ટેસ્ટમાં વરસાદ વિલન

કેપટાઉન,તા. ૭

કેપટાઉન ખાતે શરૂ થયેલી ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચના આજે ત્રીજા દિવસે વરસાદ વિલન બનતા રોમાંચક મેચની મજા બગડી હતી. આજે નિર્ધારિત સમય કરતા ખુબ વહેલીતકે મેચને બંધ કરી દેવામાં આવી હતી. આજે રમત બંધ કરવામાં આવી ત્યારે આફ્રિકાએ બે વિકેટે ૬૫ રન કર્યા હતા. આફ્રિકા ૧૪૨ રનની લીડ ધરાવે છે અને તેની આઠ વિકેટ હાથમાં છે. આવતીકાલે ટેસ્ટ મેચનો ચોથો દિવસ છે. જેથી હવે પરિણામની શક્યતા ઓછી દેખાઈ રહી છે. ગઈકાલે ભારતીય ટીમ દક્ષિણ આફ્રિકાના પ્રથમ દાવમાં ૨૮૬ રન ઓલઆઉટના જવાબમાં ૨૦૯ રન કરીને ઓલઆઉટ થઈ હતી. એક વખતે ભારતે સાત વિકેટ ૯૨ રનમાં જ ગુમાવી દીધી હતી પરંતુ ત્યારબાદ હાર્દિક પંડ્યા અને ભુવનેશ્વર બાજી સંભાળી હતી.

## રાંચી જેલમાં લાલૂને માળીનું કામ મળ્યું : રોજ ૯૩ રૂપિયા

**લાલૂને હજારીબાગની ઓપન જેલમાં રખાશે**



રાંચી,તા. ૭

ઘાસચારા કોંભાડ કેસમાં સાઢા ત્રણ વર્ષની જેલની સજા પામેલા આરજેડી નેતા અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુ પ્રસાદ યાદવને માળીનુ કામ આપવામાં આવ્યુ છે. રાંચની બિરસા મુન્ડા જેલમાં લાલુને એક કેદી તરીકે જે કામ કરશે તેના માટે પૈસા પણ મળશે. મિડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે લાલુ યાદવને આ કામ કરવા બદલ રોજના ૯૩ રૂપિયા મળશે. લાલુને હજારીબાગની ઓપન જેલમાં શિફ્ટ કરવામાં આવી રહ્યા છે. લાલુને સજા કરવામાં આવ્યા બાદ તેમના જામીન માટે આરજેડી દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવાની જાહેરાત કરવામાં આવી છે. લાલુને જો ત્રણ વર્ષની સજા થઈ હોત તો જામીન મળી શક્યા હોત. પરંતુ સજા વધારે હોવાથી હાઈકોર્ટમાંથી જામીન લેવા અરજી કરવી પડશે. ઘાસચારા કૌભાંડના મામલાઓ પૈકીના એક મામલામાં સીબીઆઈની ખાસ અદાલતે ગઈકાલે શનિવારના દિવસે આરજેડી વડા અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવને સાડા ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. આ ઉપરાંત કોર્ટે લાલૂ ઉપર પાંચ લાખ રૂપિયાનો દંડ પણ લાગૂ કર્યો હતો. દેવઘર તિજોરીમાં ગેરકાયદેરીતે ૮૯.૨૭ લાખ રૂપિયાની ઉચાપત સાથે સંબંધિત મામલામાં આ ચુકાદો આપવામાં આવ્યો હતો.

વિડિયો કોન્ફરન્સિંગ મારફતે લાલૂ સહિત ૧૬ દોષિતોએ રાંચીની બિરસામુંડા જેલમાં એક સાથે બેસીને આ ચુકાદો સાંભળ્યો હતો. દોષિત ઠેરવવામાં આવેલા ફુલચંદ્ર, મહેશ પ્રસાદ, બી જુલિયસ, રાજારામ, રાજેન્દ્ર પ્રસાદ, સુનિલકુમાર, સુધીર કુમાર અને સુશીલ કુમારને સાડા ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ચુકાદો ત્રીજી જાન્યુઆરીના દિવસે આવવાનો હતો પરંતુ તારીખ એક એક દિવસ ટળી રહી હતી. છેલ્લા ત્રણ દિવસથી કોર્ટમાં સુનાવણી દરમિયાન લાલૂ અને જજ વચ્ચે વાતચીતના કેટલાક પ્રસંગ સપાટી ઉપર આવ્યા હતા.

### જીજ્ઞેશ મેવાણી અને ઉમર ખાલિકને ક્લીનચીટ

મુંબઈ,તા.૭

મુંબઈના કોરેગાંવમાં જાતિય હિંસાને પગલે વિવાદોમાં ફસાયેલા દલિત નેતા જિજ્ઞેશ મેવાણીને રાહત મળી છે. હિંસા ભડકાવવાના આરોમાંથી જિજ્ઞેશ મેવાણી અને ઉમર ખાલિતને ક્લિનચીટ મળી ગઈ છે.

## વાજપેયી, પ્રણવ મુખરજી, મનમોહન સિંઘને બંગલાઓને ખાલી કરવા પડશે

**સુબ્રમણ્યમનની ભલામણ સ્વીકારાશે તો બંગલા ખાલી કરવા પડશે : તર્કદાર દલીલો કરવામાં આવ્યા બાદ ૧૬ જાન્યુઆરીએ મામલાની સુનાવણી**

નવીદિલ્હી,તા. ૭

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ, પ્રણવ મુખર્જી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને અટલ બિહારી વાજપેયીને લૂટિયંસ ઝોનમાં સ્થિત પોતાના સરકારી આવાસો ખાલી કરવા પડી શકે છે. પૂર્વ સોલીસીટર જનરલ ગોપાલ સુબ્રમણ્યમની ભલામણોને જો સુપ્રીમ કોર્ટ સ્વીકારી લેશે તો દેશના સર્વોચ્ચ હોદ્દા પર રહી ચુકેલા આ લોકોને પોતાના આવાસ ખાલી કરવા પડશે. ગયા વર્ષે ૨૩મી ઓગસ્ટના દિવસે એનજીઓ લોકપ્રહરી તરફથી જારી કરવામાં આવેલી અરજી ઉપર જસ્ટિસ રંજન ગોગોઈ અને નવીન સિંહાની બનેલી બેંચે ગોપાલ સુબ્રમણ્યમને આ મામલામાં એમિકસક્યુરી તરીકે નિમ્યા હતા. આ એનજીઓએ ઉત્તર પ્રદેશ સરકાર તરફથી પૂર્વ મુખ્યમંત્રીના બંગલાની ફાળવણીના સંદર્ભમાં પડકાર ફેંકીને જાહેરહિતની અરજી દાખલ કરી હતી. આની સુનાવણી ચલાવતી વેળા બેંચે કહ્યું હતું કે, આ અરજીમાં ઉઠાવવામાં આવેલા મુદ્દા પ્રજાના મહત્વના છે. સાથે સાથે તમામ લોકો સાથે જોડાયેલા મુદ્દા છે. આ પ્રશ્ન અન્ય રાજ્યો અને કેન્દ્રો માટે પણ લાગૂ થાય છે. આ મામલામાં ગંભીરતાપૂર્વક વિચારણા કરવાની જરૂર છે. તમામ સંબંધિત પક્ષોના સંદર્ભમાં વિચારણા કરવાની જરૂર છે.

સુબ્રમણ્યમે અભિપ્રાય વ્યક્ત કરતા કહ્યું હતું કે, ટોચના હોદ્દા પર રહ્યા બાદ આ લોકો હવે સામાન્ય વ્યક્તિ બની ગયા છે. આવી સ્થિતિમાં તેમને સત્તાવાર આવાસ ખાલી કરી દેવા જોઈએ. સુબ્રમણ્યમના આ અભિપ્રાય સરકારી બંગલામાં રહેતા પૂર્વ વડાપ્રધાન અને પૂર્વ રાષ્ટ્રપતિ ઉપરાંત મૃત નેતાઓના આવાસને મેમોરિયલમાં ફેરવી કાઢવા માટે વિચારવાની દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ છે. ૭ કૃષ્ણનનમેનન માર્ગ સ્થિત બંગલામાં બાબુ જગજીવનરામ રહેતા હતા. હવે તે મેમોરિયન બનનાર છે. આવી જ રીતે જવાહરલાલ નહેરુ, લાલ બહાદુર શાસ્ત્રી અને ઈન્દિરા ગાંધીના મેમોરિયલ પણ તૈયાર થયા છે.

સુબ્રમણ્યમનો અભિપ્રાય છે કે, એક વખતે જ્યારે પૂર્વ વડાપ્રધાન અથવા તો પૂર્વ રાષ્ટ્રપતિ પોતાના હોદ્દા છોડી દે છે ત્યરો સત્તાવાર આવાસ પણ ખાલી કરવા જોઈએ. હોદ્દો છોડી દીધા બાદ આવા લોકો પણ દેશના સામાન્ય લોકોની જેમ મુખ્ય પ્રવાહમાં પ્રવેશ કરે છે. હોદ્દાને છોડી દીધા બાદ તેઓ સામાન્ય નાગરિક હોય છે.







